અપીલ અરજી નં.૨૫૦ તા .૫–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી સચીન એસ. માહેશ્વરી
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકત:–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સચીન એસ. માહેશ્વરીની તા.૨૮–૭–૧૧ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ, મોજે ઉનના રે.સ.નં. ૪૪, ૫૨, ૫૪, ૫૭/૧, ૫૮/૧,૨,૩ પૈકી બ્લોક નં. ૮૪,૮૫, ૮૭,૧૧૯,૧૨૦વાળી જમીનમાં આવેલ તિરૂપતી નગરના નામે ઓળખાતા સોસાયટીમાં આવેલ પ્લોટ નં. એમ.બી.૧વાળી મિલ્કત જેના સુરત મ્યુ.ટેનામેન્ટ નં.અનુક્રમે (૧) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૧,(૨) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૨, (૩) ૬૭બી–૦૫–૨૪૦૧ –૦–૦૦૩, (૪) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૪ છે તે મિલ્કતના વેરા નામફેર માટે મુબારક હાજી અલી ચૌહાણ, રહે. પ્લોટ નં. એ/૭, અલી મસ્જીદ પાસે, તિરૂપતી નગર, ઉન, તા.ચોર્યાસી, જી. સુરત ધ્વારા નામફેરની સમર્થનમાં રજુ કરેલ કબજા રસીદ અથવા રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૦/૨૦૧૧–૧૨

શ્રી સચીન એસ. માહેશ્વરીની તા.૨૮–૭–૧૧ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ, મોજે ઉનના રે.સ.નં. ૪૪, ૫૨, ૫૪, ૫૭/૧, ૫૮/૧,૨,૩ પૈકી બ્લોક નં. ૮૪,૮૫, ૮૭,૧૧૯,૧૨૦વાળી જમીનમાં આવેલ તિરૂપતી નગરના નામે ઓળખાતા સોસાયટીમાં આવેલ પ્લોટ નં. એમ.બી.૧વાળી મિલ્કત જેના સુરત મ્યુ.ટેનામેન્ટ નં.અનુક્રમે (૧) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૧,(૨) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૨, (૩) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૩, (૪) ૬૭બી–૦૫–૨૪૦૧–૦–૦૦૪ છે તે મિલ્કતના વેરા નામફેર માટે મુબારક હાજી અલી ચૌહાણ, રહે. પ્લોટ નં. એ/૭, અલી મસ્જીદ પાસે, તિરૂપતી નગર, ઉન, તા.ચોર્યાસી, જી. સુરત ધ્વારા નામફેરની સમર્થનમાં રજુ કરેલ કબજા રસીદ અથવા રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય મે પ્રતિભાવ ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા કલમ–૧૧ હેઠળ કરેલ કાર્યવાહી સહિતના તમામ કાગળોની નકલો મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૮ તા.૧૫–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને કલમ–૧૧ ધ્યાને લેતાં અપીલ દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર મળેલ હોય તો તેની વિગત તથા ત્રાહિતની વિગતનો જાહેર માહિતી અધિકારીનો પત્ર ધ્યાને લેતાં જાહેરહિત અગત્યનું હોવા બાબતેના આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૬૨ તા.૨૭–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતની માહિતી અંગે પાઠવવામાં આવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૨૪ તા.૧૦–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૪૫ તા.૭–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૫–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે સદર મિલ્કતના નામફેરમાં રજૂ કરેલ દસ્તાવેજ પુરાવા અંગે ત્રાહિત વ્યકિતને લગતી માહિતીની માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૨૪ તા.૧૦–૮–૧૧ થી ત્રાહિત વ્યકિત શ્રી મુબારક હાજી અકબર અલી ચૌહાણ તિરૂપતિનગર ઉનને તેવી માહિતી આપવા અંગે કલમ–૧૧ હેઠળ વાંધા બાબતે પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ ત્રાહિત વ્યકિત તરફથી કોઈ પ્રત્યુત્તર આપેલ નહીં હોય જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૪૫ તા.૭–૯–૧૧ થી મુદત પૂર્ણ થયાના બીજા દિને

વિના મૂલ્યે નકલ નંગ–૧૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં (૧) રીકવીઝેશન કાઉન્ટરની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૨) મ્યુ. વેરા રસીદ નં.૧૬૧૬૨ તા.૧૬–૬–૦૭ ની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૩) પંચાયતના હિસાબનો નમૂનો ક્રમાંક –૪ ની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૪) શ્રી મુબારક હાજીઅસગર અલી ચૌહાણે લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગ–૫ (૫) તિરૂપતિનગરના પ્રમુખે લખી આપેલ કરારની ઝેરોક્ષ નકલના પાના નંગ–૩ આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતની માહિતી સહિત પૂરી પડાયેલ જણાય છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૮–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સચીન એસ. માહેશ્વરી